SDG ઈન્ડિયા ઈન્ડેક્સ - 2021

# E-COPY
## (June-2021)
(Week 1 to 4)




# વર્તમાન પ્રવાહો

: DATE :
01/06/2021 to 30/06/2021

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી




અગ્નિ પ્રાઈમ મિસાઈલ નું સફળ પરીક્ષણ




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક વર્તમાન પ્રવાહો

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **તાજેતરમાં નીતિ આયોગ દ્વારા તૃતીય ટકાઉ વિકાસ લક્ષ્યાંક (SDG) India Index 2020-21 જાહેર કરવામાં આવ્યો.**

→ આ રિપોર્ટ મુજબ સંપૂર્ણ ભારતનો સ્કોર 66 છે જે વર્ષ 2019-20માં 60નો સ્કોર હતો.

→ આ ઈન્ડેકસમાં ભારતના રાજ્યોમાં 75ના સ્કોર સાથે કેરળ પ્રથમ ક્રમે છે.

→ કેરળ બાદ તમિલનાડુ અને હિમાચલ પ્રદેશ સંયુકત રીતે 74ના સ્કોર સાથે આ ઈન્ડેકસમાં બીજા ક્રમે છે. જ્યારે આંધ્રપ્રદેશ, ગોવા, કર્ણાટક, ઉત્તરાખંડ સંયુકત રીતે 72 ના સ્કોર સાથે ત્રીજા ક્રમે છે.

→ 69ના સ્કોર સાથે ગુજરાત આ ઈન્ડેકસમાં છઠ્ઠા ક્રમે છે. જ્યારે 52ના સ્કોર સાથે બિહાર અંતિમ ક્રમે છે.

→ આ ઈન્ડેકસમાં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 79ના સ્કોર સાથે ચંદીગઢ પ્રથમ ક્રમે છે. જ્યારે દાદરા નગર હવેલી અને દમણ અને દીવ 62ના સ્કોર સાથે અંતિમ ક્રમે છે.

→ આ રિપોર્ટ સંયુકત રાષ્ટ્ર દ્વારા નક્કી કરવામાં આવેલ 17 લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે સંયુકત રાષ્ટ્રના સહયોગથી, નીતિ આયોગ દ્વારા વર્ષ 2018થી આ રિપોર્ટ જાહેર કરવામાં આવે છે. જે રાજ્યોની પ્રગતિની સમીક્ષાના આધારે 0 થી 100 ની રેન્જમાં સ્કોર આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં નવો કાયદો બનાવીને અથવા હાલના ભાડુઆત કાયદામાં સુધારો કરીને 'મોડેલ ટેનન્સી એકટ'ને મંજૂરી આપવામાં આવી છે.**

→ આ અધિનિયમ ભારતમાં ભાડાના મકાનો અંગેના કાનૂની માળખાને ફરીથી બનાવવામાં મદદ કરશે જે બદલામાં એકંદર વિકાસને વેગ આપશે.

→ દેશમાં પ્રવર્તી રહેલી રેહણાંકોની અછત દૂર કરવા ભાડાના મકાનોમાં ખાનગી ભાગીદારીને યોગ્ય બિઝનેસ મોડલ આ કાયદા દ્વારા ઉપલબ્ધ થશે.

→ આ અધિનિયમ રેન્ટલ હાઉસિંગનું સંસ્થાકરણ કરવામાં મદદ કરશે અને ભાડાના મકાનના બિઝનેસને વિધિવત માર્કેટ બનાવશે.

→ મોડેલ ટેનન્સી એકટ 2019માં સૂચવાયેલા સુધારા :

⇒ જો કોઈ વિવાદ થાય તો મકાન માલિક અને ભાડુઆતે સમાધાન માટે રેન્ટ ઓથોરિટીનો સંપર્ક કરવાનો રહેશે. જો રેન્ટ ઓથોરિટીના નિર્ણયથી કોઈપણ એક પક્ષ સંતોષ ન થાય તો તે રેન્ટ કોર્ટ રેન્ટ ટ્રિબ્યુનલમાં આદેશના 30 દિવસમાં પડકાર આપી શકશે. જેથી વિવાદોનો ઝડપી નીકાલ થાય.

⇒ મકાન માલિક બે મહિનાના ભાડાની વધુ સિકયુરિટી ડિપોઝિટ માગી શકશે નહીં. તેણે આ ડિપોઝિટ મકાન ખાલી કરે ભાડુઆતને ચૂકવવાની રહશે.

⇒ જો મકાન માલિક ભાડે આપેલી પ્રિમાઈસિસમાં પ્રવેશ કરવા ઈચ્છતા હોય તો ભાડુઆતને 24 કલાક પહેલા નોટિસ પાઠવવાની રહેશે. મકાન માલિક સવારના 7 થી રાતના 8 સુધી જ પ્રિમાઈસિસની મુલાકાત લઈ શકશે.

⇒ ભાડુઆત ભાડે રાખેલ મકાન કે તેનો હિસ્સો મકાન માલિકની પરવાનગી વિના પેટા ભાડુઆતને આપી શકે નહીં.

⇒ જો ભાડુઆત સતત બે મહિના સુધી ભાડુ ન ચૂકવે તો મકાન માલિક રેન્ટ કોર્ટમાં જઈ શકે છે.

❖ **કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે તાજેતરમાં કોવિડ–19ની બીજી લહેર વચ્ચે લોકોને મદદ કરવા માટે ચાર નવા હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે.**

→ આ અંતર્ગત 1075 એ આરોગ્ય અને પરિવાર મંત્રાલયનો રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર છે, 1098 એ મહિલા અને બાળવિકાસ મંત્રાલયનો ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર છે. 14566 સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રાલયનો સિનિયર સિટિઝન હેલ્પલાઈન નંબર છે. આ નંબર દિલ્હી, મધ્યપ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યમાં કામ કરશે. 08046110007 એ માનસિક અને સ્વાસ્થ સંસ્થાનો હેલ્પલાઈન નંબર છે જે માનસિક સહાય પૂરી પાડશે.

❖ **તાજેતરમાં શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરીયલ નિશાંકે 'પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેકસ' (PGI), 2019-20ના પ્રકાશનને મંજૂરી આપી છે.**

→ શિક્ષણમાં પરિવર્તનનું મૂલ્યાંકન અને ઉત્પ્રેરક કરવા માટે 'પર્ફોમન્સ ગ્રેડિંગ ઈન્ડેકસ' 70 પરિણામોને આધારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગ્રેડિંગ પ્રદાન કરે છે.

→ પાંચ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો એટલે કે ચંદીગઢ, પંજાબ, તમિલનાડુ, અંદમાન અને નિકોબાર ટાપુ તથા કેરળએ 2019-20 માટે સૌથી વધુ ગ્રેડ (A++) મેળવ્યો છે.

→ પાછલા વર્ષની તુલનામાં મોટાભાગના રાજ્યોના અહેવાલોમાં સુધારો થયો છે. આ વર્ષે 5 રાજ્યોએ 901-950નું લેવલ–2ના સ્કોર મેળવ્યો છે જે ગ્રેડ A અથવા 1++ છે. લદાખને પ્રથમ વખત ગ્રેડ આપવામાં આવ્યો છે. અને તેને ગ્રેડ સાતમાં મુકવામાં આવ્યો છે. મેઘાલયે 601-650નો સ્કોર મેળવ્યો છે જેને ગ્રેડ 6માં સમાવેશ થયો છે.

→ ગુજરાતને આ ઈન્ડેક્ષમાં કુલ 884 અંક પ્રાપ્ત થયા છે અને ગુજરાતે A+ ગ્રેડ હાંસલ કર્યો છે.

→ અંદમાન નિકોબાર ટાપુ, પંજાબ અને અરૂણાચલ પ્રદેશે તેમના ગ્રેડિંગમાં 20% નો સુધારો કર્યો છે. કર્ણાટક અને દિલ્હી 10 રાજ્યોએ તેમના સ્કોરમાં 5% થી 10% નો સુધારો કર્યો છે.

❖ **કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં જૈવ વિવિધતા, આબોહવા પરિવર્તનની અસરનો અભ્યાસ કરવા અને થર્મલ એનર્જીના સ્ત્રોતની શોધ માટે એક અપતટીય સમુદ્રી મિશન સ્થાપિત કરવા માટે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા સ્થાપિત 'ડીપ ઓશન મિશન' ને મંજૂરી આપી છે.**

→ આ મિશન સંસાધનો માટે ઉંડા સમુદ્રની શોધ કરશે અને સમુદ્ર તકનીકોના વિકાસમાં મદદ કરશે. 4,077 કરોડ રૂપિયાના અંદાજિત બજેટ સાથે પાંચ વર્ષના ગાળામાં આ મિશન પૂર્ણ થશે.

- **તાજેતરમાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીના જણાવ્યા મુજબ, કેન્દ્ર સરકારે વર્ષ 2024 સુધીમાં માર્ગ અકસ્માત મોતને 50% ઘટાડવાનું લક્ષ્ય રાખ્યું છે.**
  - → તેમણે દરેક રાજ્ય, જિલ્લા અને શહેરમાં 'બ્લેક સ્પોટ' ઓળખવાની જરૂર પર ભાર મૂકયો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, વર્લ્ડ બેંક અને ADB એ એક યોજનાને મંજૂરી આપી દીધી છે, જે હેઠળ સરકાર રાજ્યો, NHAI અને અન્ય હિસ્સેદારોને અકસ્માતનો ભોગ બનેલા બ્લેક સ્પોટને દૂર કરવા માટે રૂ. 14,000 કરોડ ફાળવે છે.
  - → માર્ગ અને પરિવહન મંત્રાલય માર્ગ સલામતીના 4 'E' નું પુનર્ગઠન અને મજબૂત કરીને માર્ગ અકસ્માત મૃત્યુને ઘટાડવા માટે સખત મહેનત કરી રહ્યું છે. 4Eમાં શામેલ છે – Engineering Economy, Enforcement અને Education.
- **તાજેતરમાં કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ પ્રધાન, શ્રી થાવરચંદ ગેહલોતે રમતગમતમાં દિવ્યાંગજનોના હેતુ અને પેરાલિમ્પિક્સમાં તેમના સારા પ્રદર્શન તરફ કામ કરવા માટે દેશભરમાં "દિવ્યાંગ રમત કેન્દ્રો" સ્થાપવાની જાહેરાત કરી હતી.**
  - → આ પ્રથમ દિવ્યાંગ રમત કેન્દ્ર અમદાવાદ ખાતે સ્થાપવામાં આવશે.
- **કેન્દ્રીય પ્રધાનમંડળે 'સેન્ટ્રલ રેઈલસાઈડ વેરહાઉસ કંપની લિમિટેડ' (CRWC) ની હોલ્ડિંગ એન્ટરપ્રાઈઝ 'સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન' (CWC) ની તમામ સંપત્તિ, જવાબદારીઓ, હક અને જવાબદારીઓના મર્જર અને ટ્રાન્સફરને મંજૂરી આપી દીધી છે.**
- **કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત પ્રધાન કિરેન રિજિજુ અને આયુષ મંત્રાલય દ્વારા 25 ફિટ ઈન્ડિયા યોગ કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરી છે.**
  - → ફીટ ઈન્ડિયા મિશન દ્વારા દેશભરમાં 25 યોગ કેન્દ્રોને 'ફીટ ઈન્ડિયા યોગા કેન્દ્રો' તરીકે ઓળખવામાં આવ્યા છે.
  - → આ યોગ કેન્દ્રોને આ જૂથને માન્યતા આપીને 21 જૂન 2021ના રોજ સત્તાવાર રીતે ફીટ ઈન્ડિયા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.
- **તાજેતરમાં કેન્દ્ર સરકારે જુલાઈ 2021 થી નવેમ્બર 2021 સુધીના પાંચ મહિનાના વધુ સમયગાળા માટે વધારાના અનાજની ફાળવણી માટે PMGKY 4.0 ને મંજૂરી આપી છે.**
  - → આ યોજના અંતર્ગત દર મહિને વ્યકિત દીઠ 5 કિલોના દરે નિઃશુલ્ક અનાજ આપવામાં આવશે.
  - → આ યોજનાના ચોથા તબક્કામાં 35 કરોડ લાભાર્થીઓને લાભ થશે, જે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, અંત્યોદય અન્ન યોજના અને પ્રાથમિકતા વાળા પરિવારો હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેનો (DBT) હેઠળ આવતા લોકોને પણ લાભ થશે.
  - → ભારત સરકાર રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોના સહયોગ વિના આખો ખર્ચ ઉઠાવશે, FPS ડીલરોના પરિવહન અને સંચાલન અને માર્જિનને પહોંચી વળવા માટે આશરે 3,234.85 કરોડ રૂપિયાના વધારાના ખર્ચની જરૂર પડશે. આમ ભારત સરકારનો કુલ અંદાજિત ખર્ચ 67,266.44 કરોડ થશે.
  - → પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) :
    - ⇒ કોવિડ–19 સામે લડવામાં ગરીબોની સહાય માટે વડાપ્રધાન ગરીબ કલ્યાણ પેકેજ (PMGKP) હેઠળ PMGKY શરૂ કરવામાં આવી હતી. આ યોજના નાણાં મંત્રાલયે શરૂ કરી હતી.
- **તાજેતરમાં બેઈજિંગ, શાંઘાઈ, બેંગલુરુ, શેનઝેન અને સિંગાપોર, એશિયા પેસિફિકમાં હાલમાં ટોચનાં પાંચ ટેકનોલોજી કેન્દ્ર તરીકે ઉભરી આવ્યા છે.**
  - → તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રતિભાનું સંતુલન પ્રદાન કરે છે અને રોકાણકારોને ભાવિ વિકાસ અને રોકાણની તકો પૂરી પાડવા માટે સારી સ્થિતિમાં છે.
- **ભારતે અન્ય દેશો માટે કોવિન પ્લેટફોર્મને ખુલ્લો સ્ત્રોત બનાવવાનો નિર્ણય લીધો છે જેથી તેઓ આ તકનીકનો ઉપયોગ પોતાની રસીકરણ ઝુંબેશ ચલાવવા માટે કરી શકે.**
  - → વિયેતનામ, ઈરાક, પેરુ, મેકિસકો, ડોમિનિકન રિપબ્લિક, પનામા, નાઈજીરીયા, યુક્રેન, સંયુકત આરબ અમીરાત અને યુગાન્ડા સહિતના દેશોએ તેમના રસીકરણ કાર્યક્રમો ચલાવવા માટે CoWIN ટેકનોલોજી પ્રદાન કરવા રુચિ વ્યકત કરી છે.
  - → CoWIN એ એક ડિજિટલ પ્લેટફોર્મ છે જેણે ભારતમાં દેશવ્યાપી કોવિડ–19 રસીકરણ કાર્યક્રમના અમલમાં મદદ કરી. તેને કોવિડ વેકસીન ઈન્ટેલિજન્સ નેટવર્ક પણ કહેવામાં આવે છે. આ કલાઉડ આધારિત આઈટી પ્લેટફોર્મ ભારતના COVID-19 રસીકરણ પ્રોગ્રામને લગતી બધી વિગતો સંભાળે છે. તે લાભાર્થીઓની નોંધણી, રસીકરણ કેન્દ્રોની ફાળવણી, ટેકસ્ટ સંદેશાઓ મોકલવા અને કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહિત શીશીઓનું લાઈવ મોનિટરિંગ સાથે સંબંધિત છે.
  - → કો–વિન પ્લેટફોર્મ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની માલિકીનું છે. અગાઉ, આ પ્લેટફોર્મનો ઉપયોગ ભારતમાં પલ્સ પોલિયો અને અન્ય મહત્વપૂર્ણ રસીકરણ કાર્યક્રમો માટે કરવામાં આવતો હતો.
- **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ટોયકોથન – 2021 ના સહભાગીઓ સાથે વાતચીત કરી હતી.**
  - → આ પરિષદમાં કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલ અને સંજય ધોત્રે પણ ઉપસ્થિત રહ્યા હતા.
  - → સહભાગીઓએ તેમની રમતો અંગે વડા પ્રધાન મોદી સાથે પણ ચર્ચા કરી હતી, જ્યાં વડાપ્રધાને વિકાસકર્તાઓને તેની રમતોમાં સમાવિષ્ટ કરવા વધુ સૂચનો આપ્યા હતા.
  - → આ બેઠક દરમિયાન પીએમ મોદીએ ભારતીય અર્થવ્યવસ્થામાં રમકડા અને રમત ઉદ્યોગના મહત્વ પર પ્રકાશ પાડયો હતો. તેમણે રમકડા અને રમતો ઉદ્યોગને 'ટાયકોનોમી' ગણાવી. પીએમ મોદીના જણાવ્યા મુજબ વૈશ્વિક રમકડા બજારની કિંમત આશરે 100 અબજ ડોલર છે, જેમાંથી ભારતનો ફાળો માત્ર 1.5 અબજ ડોલર છે. ભારત 80% રમકડા વિદેશથી આયાત કરે છે.

- **તાજેતરમાં કેન્દ્ર સરકારે ખાનગી કંપનીઓને દેશની અંદર અને બહાર રોકેટ લૉંચિંગ સાઈટ્સ ઊભી કરવા અને ચલાવવાની મંજૂરી આપી છે. જો કે આ માટે પ્રથમ મંજૂરી સરકાર પાસેથી લેવાની રહેશે.**
  - → ડ્રાફટ નેશનલ સ્પેસ ટ્રાન્સપોર્ટેશન પોલિસી – 2020 સ્પેસ ડિપાર્ટમેન્ટ દ્વારા રજૂ કરવામાં આવી હતી, IN-SPACe એકંદર મંજૂરી માટે જવાબદાર નોડલ એજન્સી છે.
  - → આ નીતિ મુજબ, ભારતીય કે વિદેશી ક્ષેત્રમાંથી કોઈપણ ઓર્બિટલ અથવા પેટા–ઓર્બિટલ અથવા પેટા–ઓર્બિટલ રોકેટનું પ્રક્ષેપણ Indian National Space Promotion & Authorization Center (IN-SPACe)ની પરવાનગી પછી જ થઈ શકે છે.
  - → આ મિશન તેની જાતે અથવા લીઝ પર લોન્ચ સાઈટથી અથવા જમીન, સમુદ્ર અથવા હવા જેવા મોબાઈલ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે.
  - → આ નીતિ અનુસાર, IN-SPACe ઓથોરિટીને આંતરરાષ્ટ્રીય કરારો અનુસાર રાષ્ટ્રની જવાબદારી પૂરી કરવા માટે તેની માલિકી હેઠળ પ્રસ્તાવક દ્વારા નાણાકીય ગેરંટી અથવા વીમા કવરની આવશ્યકતા છે.
  - → જો લોન્ચિંગ ભારતની બહાર કરવામાં આવશે, તો અન્ય કોઈપણ દેશ અથવા પ્રદેશમાં પ્રવૃત્તિઓના ક્ષેત્રને હાથ ધરવા માટે જરૂરી બધી મંજૂરીઓ સંબંધિત રાષ્ટ્ર અથવા પ્રદેશના કાયદા અનુસાર હશે.
  - → જ્યાંથી પ્રક્ષેપણ થાય છે તે વિસ્તારમાં સંચાલિત વહીવટની પાલન અને મંજૂરીની ખાતરી પ્રસ્તાવક દ્વારા કરવામાં આવશે.
- **તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારીતાના કેન્દ્રીય મંત્રી પ્રધાન થાવરચંદ ગેહલોતે નશા મુકત ભારત અભિયાન (NMBA) માટે વેબસાઈટ શરૂ કરી હતી.**
  - → ડ્રગ એબ્યુઝ અને ઈલેસિટ ટ્રાફિકિંગ સામે આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી માટે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે 6 દિવસીય વ્યસન મુકત ભારત સમિટનું આયોજન કર્યું હતું.
- **તાજેતરમાં કેન્દ્ર સરકાર ઈ–કોર્ટને જમીનના રેકોર્ડ્સ અને નોંધણીના આધાર સાથે જોડવાની યોજના બનાવી છે જેથી અસલી ખરીદદારો જાણી શકે કે જમીન કોઈ કાનૂની વિવાદમાં છે કે નહીં.**
  - → ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને હરિયાણા રાજ્યોમાં હાલ, જમીનના રેકોર્ડ્સ અને નોંધણી ડેટાબેસેસ સાથે ઈ–કોર્ટ્સને જોડવાનો પાયલોટ પ્રોજેકટ પૂર્ણ થઈ ગયો છે.
  - → કાયદા મંત્રાલયમાં ન્યાય વિભાગે તમામ ઉચ્ચ ન્યાયાલયોના રજિસ્ટ્રાર જનરલોને સંપત્તિના વિવાદના ઝડપથી સમાધાન માટે રાજ્ય સરકારોને ઈ–કોર્ટ અને રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રિડ (NJDG) સાથે જમીન રેકોર્ડ્સ અને નોંધણી ડેટાબેસેસને એકીકૃત કરવા મંજૂરી આપવા કહ્યું છે.
  - → ત્રિપુરા, આસામ, અરુણાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મિઝોરમ, નાગાલેન્ડ અને હિમાચલ પ્રદેશ સહિત આઠ અદાલતોએ જવાબ આપ્યો છે.
  - → ઈકોર્ટ–જમીનના રેકોર્ડ ઉમેરવાથી શંકાસ્પદ વ્યવહારો ઓછો થશે. તે વિવાદ નિયંત્રણમાં અને કોર્ટના કામના ભારને ઘટાડવામાં પણ મદદ કરશે.
  - → જમીન સંપત્તિ વિભાગ (DoLR) મિલકત સૂચકાંકની નોંધણી માટે જવાબદાર છે.
- **સમગ્ર વિશ્વમાં 21 જૂનના રોજ સાતમા 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.**
  - → મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાતમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા આયોજિત સમારોહમાં યોગ કોચ અને યોગ ટ્રેનર્સને પ્રતિક રૂપે પ્રમાણપત્ર વિતરણ કર્યા હતા.
  - → આ ઉપરાંત શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે 'હવે તો બસ એક જ વાત – યોગમય બને ગુજરાત' થીમ સોંગનું લોન્ચીંગ પણ કર્યુ હતું.
  - → સાતમા યોગ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી દેશને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે મહાન તમિલ સંત શ્રી થિરૂવલ્લવરના એક વાકયને અનુલક્ષીને કહ્યું હતું કે જો કોઈ બિમારી હોય તો તેનું નિદાન કરો, તેના મૂળ સુધી જાવ, બિમારીનું કારણ શું છે તેની તપાસ કરો અને પછી તેનો નિશ્ચિત ઈલાજ કરો અને જણાવ્યું કે યોગ આ જ રસ્તો બતાવે છે.
  - → વર્ષ 2021ની વિશ્વ યોગ દિવસની થીમ "Yoga for Wellness" (સુખાકારી માટે યોગ) છે.
  - → સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિને 'યોગ, એક ભારતીય હેરિટેજ' અથવા 'યોગ, એક ભારતીય ધરોહર' થીમ સાથે સમગ્ર ભારતમાં 75 હેરિટેજ સ્થળોએ યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.
  - → 'યોગ, એક ભારતીય હેરિટેજ' અભિયાનએ ભારતના 'આઝાદી કા અમૃત મહોત્સવ' અભિયાનનો એક ભાગ જ છે.
  - → આઝાદીના 75 વર્ષોની ઉજવણી કરવા માટે સમગ્ર દેશના 75 સાંસ્કૃતિક હેરિટેજ સ્થળોએ મંત્રાલયની તમામ સંસ્થાઓની સક્રિય ભાગીદારી સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
  - → આ 75 સાંસ્કૃતિક હેરિટેજમાં આગ્રાનો કિલ્લો (ઉત્તર પ્રદેશ), શાંતિ સ્તૂપ (લદ્દાખ), ઈલોરાની ગુફા (મહારાષ્ટ્ર), રાજીવ લોચન મંદિર (છત્તીસગઢ), બોમ્ડિલા (અરૂણાચલ પ્રદેશ), નાલંદા (બિહાર), સાબરમતિ આશ્રમ (ગુજરાત), અખનુર કિલ્લો (જમ્મુ) વગેરેનો સમાવેશ થાય છે.
  - → પાટણ ખાતે આવેલી રાણકી વાવા ખાતે પુરાતત્વ વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત અડાલજની વાવ ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- **તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે mYoga એપ્લિકેશન શરૂ કરી હતી અને 'યોગ સે સહયોગ તક' એવો મંત્ર આપ્યો હતો.**
  - → યોગ પ્રશિક્ષણ વિડિઓઝ પ્રદાન કરવા માટે mYoga એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે જે વિશ્વભરની વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ થશે.
  - → આ એપ્લિકેશન WHO ના સહયોગથી શરૂ કરવામાં આવી છે.
  - → mYoga એપ્લિકેશન 'વૈજ્ઞાનિક સાહિત્યની સમીક્ષા અને વિસ્તૃત આંતરરાષ્ટ્રીય નિષ્ણાત સલાહકાર પ્રક્રિયાઓ' દ્વારા વિકસાવવામાં આવી હતી. તે WHO અને આયુર્વેદ મંત્રાલય, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથીના સહયોગથી વિકસાવવામાં આવી હતી.

## આંતરરાજ્ય

❖ **તાજેતરમાં ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણએ મહારાષ્ટ્રના નાસિકમાં બૌદ્ધ ગુફા પરિસરમાં ત્રણ ગુફા શોધી કાઢી છે.**

→ પુરાતત્વવિદોના જણાવ્યા અનુસાર આ ગુફા 'ત્રિ–રશ્મિ બૌદ્ધ ગુફાઓ' કરતા જૂની હોઈ શકે છે.

→ આ ત્રિ–રશ્મિ ગુફાઓ 25 ગુફાઓનું જૂથ છે. આ ગુફાઓમાં વિહાર અને ચૈત્ય મુખ્ય ગુફા છે. આ ગુફાઓ બૌદ્ધ સાધુઓના રહેઠાણ હોવાનું માનવામાં આવે છે.

❖ **તાજેતરમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રી વાય.એસ.જગનમોહન રેડ્ડીએ તાજેતરમાં વાય.એસ.આર. જગન્ના કોલોની પ્રોજેક્ટ શરૂ કર્યો છે.**

→ આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં 15.6 લાખ મકાનો બનાવવામાં આવશે. જેના માટે 28,084 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ વર્ષ 2023 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

❖ **ભારત રત્ન અને પદ્મ એવોર્ડની તુલનાએ આસમ કેબિનેટે 'આસામ રત્ન એવોર્ડ' સ્થાપવાનો નિર્ણય કર્યો છે.**

→ દર વર્ષે એક વ્યકિતને સમાજમાં તેના નોંધપાત્ર યોગદાન માટે 'આસામ રત્ન' એવોર્ડ આપવામાં આવશે. આ અંતર્ગત તેમણે 'આસમ વિભૂષણ', 'આસામ ભૂષણ' અને 'આસામ શ્રી' એવોર્ડ સ્થાપવાનું નક્કી કર્યું છે.

→ આસામ એવોર્ડની સાથે રોકડ ઈનામ પણ આપવામાં આવશે. આ એવોર્ડ માટે 5 લાખ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવશે.

→ 'આસામ વિભૂષણ' એવોર્ડ માટે 3 લાખ રૂપિયા આપવામાં આવશે. 'આસામ ભૂષણ' એવોર્ડ માટે 2 લાખ રૂપિયા આપવામાં આવશે. 'આસામ શ્રી' એવોર્ડ માટે 1 લાખ રૂપિયા આપવામાં આવશે.

❖ **ઈ–કોમર્સ કંપની ફિલપકાર્ટ (Flip Kart) તેલંગાણા સરકાર સાથે ભાગીદારી કરીને 'મેડિસન ફ્રોમ ધ સ્કાય' (Medicines From The Sky) પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે.**

→ આ ડ્રોન ડિલિવરી માટે જિઓ મેપિંગ, લોકેશન ટ્રસિંગ અને શિપમેન્ટના રૂટીંગ જેવી તકનીકીનો ઉપયોગ કરવામાં આવશે. આ તકનીકનો ઉપયોગ તેલંગાણાના દુરસ્થ વિસ્તારો કે જ્યાં દવાઓની ડિલવરી કરવી મુશ્કેલ છે ત્યાં કરવામાં આવશે.

❖ **ગોવા સરકારે NITI આયોગની તર્જ પર 'ગોવા ઈન્સ્ટિટયૂટશન ફોર ફયુચર ટ્રાન્સફોર્મેશન (GIFT)'ની સ્થાપના કરી.**

→ આ સંસ્થા સરકારને નીતિ ઘડવાની અને તેના અમલીકરણ અંગે સરકારને મદદ, સલાહ અને માર્ગદર્શન આપશે તેમજ ટકાઉ વિકાસ લક્ષ્યોને મોનિટર કરવામાં અને અનેક વિકાસ યોજનાઓ, કાર્યક્રમો અને યોજનાઓના મૂલ્યાંકન કરવામાં પણ મદદ કરશે.

❖ **તાજેતરમાં કર્ણાટક અને કેરળમાં તુલુ ભાષા બોલતા લોકોએ સરકાર પાસે માંગ કરી છે કે 'તુલુ ભાષા'ને રાજકીય ભાષાનો દરજ્જો અને ભારતીય બંધારણની આઠમી અનુસૂચીમાં શામેલ કરવામાં આવે.**

→ આ અગાઉ તુલુ ભાષાને 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ'માં શામેલ કરવાની માંગ કરવામાં આવી હતી.

→ તુલુ એ એક દ્રવીડ ભાષા છે. જે મુખ્યત્વે કર્ણાટક અને કેરળના લોકો દ્વારા બોલાય છે. થોડા વર્ષો પહેલા કર્ણાટક સરકારે શિક્ષણમાં તુલુભાષા રજૂ કરી હતી.

❖ **તાજેતરમાં 'રાષ્ટ્રીય હાઈડ્રો પાવર કોર્પોરેશન' (NHPC) લિમિટેડ અને 'બિહાર સ્ટેટ હાઈડ્રોઈલેકટ્રીક પાવર કોર્પોરેશન લિમિટેડ' (BSHPC) ડગમરા જળવિદ્યુત પ્રોજેકટના અમલીકરણ માટે MOU પર હસ્તાક્ષર થયા હતા.**

→ આ પ્રોજેકટ બિહાર રાજ્યના સુપૌલ જિલ્લામાં કોસી નદી પર ભીમનગર બેરેજથી 22.5 કિમી નીચે જમણા કિનારે ડગમરા ગામની નજીક સ્થિત છે. તે એક 'રન–ઓફ–ધ–રિવર' પ્રોજેક્ટ છે.

❖ **તાજેતરમાં ઓડિશામાં ઓલિવ રિડલી કાચબાના રક્ષણ માટે ઓપરેશન ઓલિવિયા શરૂ કરવામાં આવ્યું છે.**

→ ઓપરેશન ઓલિવિયા સૌપ્રથમ 1980ના દાયકાના પ્રારંભમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા શરૂ કરાયું હતું. આ ઓપરેશન દર વર્ષે ઓલિવ રિડલી કાચબાને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે. જ્યારે તેઓ નવેમ્બર થી ડિસેમ્બર મહિનામાં ઓડિશાના કિનારે સંવર્ધન માટે માળો શરૂ કરે છે.

→ ઓલિવ રિડલી કાચબાને IUCN ની રેડ લિસ્ટ હેઠળ સંવેદનશીલ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે.

❖ **આસામ સરકારે રાજ્યમાં સ્વામીત્વ યોજનાના અમલ માટે સર્વે ઓફ ઈન્ડિયા સાથે સમજૂતી પત્ર પર એક હસ્તાક્ષર કર્યા છે.**

→ આ યોજનાનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં એકીકૃત સંપત્તિ માન્યતા સોલ્યુશન પ્રદાન કરવાનો છે.

→ આ યોજના પંચાયતી રાજ મંત્રાલય અને આસામ સરકારના મહેસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા પંચાયત અને ગ્રામીણ વિકાસના સહયોગથી અમલમાં મૂકવામાં આવશે.

→ સર્વે ઓફ ઈન્ડિયા એ તકનીકી ભાગીદાર છે. તે ડ્રોન દ્વારા ગ્રામીણ જમીનના સર્વેક્ષણ માટે પગલાં લેશે અને ગ્રાઉન્ડ બેઝ્ડ કંટ્રોલ સ્ટેશન સ્થાપિત કરશે જે ગ્રામીણ વિસ્તારોમાં મિલકતોનો વિગતવાર અવકાશી ડેટાબેઝને સક્ષમ બનાવશે.

❖ **મિઝોરમના રમત ગમત પ્રધાન રોબર્ટ રોમાવિયા રોયેટે વધુ બાળકો કરવા બદલ 1 લાખ રૂપિયાની પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી છે.**

→ ઓછી વસ્તી ધરાવતા નાના મિઝો સમુદાયોમાં વસ્તી વૃદ્ધિને પ્રોત્સાહન કરવા, મંત્રીના મત વિસ્તારના બાળકોની સંખ્યા ધરાવતા જીવિત માતા–પિતાને 1 લાખ રૂપિયા આપવામાં આવશે.

→ તે વ્યકિતને પ્રમાણપત્ર અને ટ્રોફી પણ મળશે.

→ મંત્રીએ ઘોષણા કરી કારણ કે ત્યાં વંધ્યત્વ દરમાં વધારો થયો છે અને મિઝો વસ્તીમાં વૃદ્ધિ દરમાં ઘટાડો થયો છે જે ગંભીર ચિંતાનો વિષય બની છે. મિઝોરમમાં વસ્તીના ક્રમિક ઘટાડાને કારણે, ઘણા વિસ્તારોમાં વિકાસ પ્રાપ્ત કરવા માટે લોકોની શ્રેષ્ઠ સંખ્યા કરતા ઓછા છે.


Banking Academy
તમારું લક્ષ્ય એજ અમારું સપનું
GCERT
TO THE POINT
DAILY LIVE LECTURE જોવા માટે આજે જ અમારી YOUTUBE ચેનલ SUBSCRIBE કરો.
• LIVE
facebook | YouTube
Jignesh Sir
ગુજરાત સરકારની વર્ગ-૩ ની વિવિધ ભરતીઓ માટે
તક બરફ જેવી હોય છે, વિચારતા રહો ત્યાં સુધી તો પીગળી જાય છે.
અંદાજિત કુલ જગ્યાઓ
20000+
GPSC
GPSC CLASS-III
PSI / ASI
જુનિયર ક્લાર્ક
કોન્સ્ટેબલ
TET - I /II - TAT
વનરક્ષક
તલાટી કમ મંત્રી
બિનસચિવાલય
તૈયારી માટેના નવા વર્ગો
ટૂંક સમયમાં
શરૂ
નવા વર્ગોની માહિતી માટે
સંસ્થાની રૂબરૂ
મુલાકાત લો.
Online
Live Classes
કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં વહેલી શરૂઆત એટલે વિજય...
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
વધુ માહિતી માટે આજે જ કોલ કરો
70466 33255
Surat (HO-Udhna)
Ph :70461 40555
Varachha (Surat)
Ph :70464 16555
Valsad
Ph :81401 37555
Navsari
Ph :70466 41555
Vyra
Ph :90998 64658

- **દિલ્હી સરકારે કોવિડ–19 ને કારણે સભ્ય ગુમાવનારા પરિવારોને આર્થિક સહાય આપવા માટેની યોજનાને જાહેર કરી છે.**
  - → મુખ્યમંત્રી કોવિડ–19 કૌટુંબિક નાણાકીય સહાય યોજના હેઠળ, કોવિડ–19 ને કારણે સભ્ય ગુમાવનારા દરેક પરિવારને રૂ. 50,000 ની રકમ આપવામાં આવશે. આ ઉપરાંત, રોગચાળાને કારણે એકમાત્ર કમાનાર વ્યકિત ગુમાવનારા પરિવારોને મહિને રૂ. 2,500 નું પેન્શન આપવામાં આવશે.
- **તાજેતરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 25 જૂન, 2021ના રોજ જમ્મુ–કાશ્મીરના નેતાઓ સાથે બેઠક યોજી હતી.**
  - → આ બેઠકમાં જમ્મુ–કાશ્મીરના 8 પક્ષોના 14 નેતાઓએ ભાગ લીધો હતો. કે જમ્મુ–કાશ્મીરના વિભાજન અને આર્ટિકલ 370 ના રદ થયા પછી આ પહેલી આવી બેઠક હતી.
  - → આ બેઠકમાં જમ્મુ–કાશ્મીરમાં સીમાંકન કરવાની વાત કરવામાં આવી હતી. સીમાંકન બાદ જ જમ્મુ–કાશ્મીરમાં ચૂંટણી યોજાશે. નોંધનીય છે કે જમ્મુ–કાશ્મીરમાં છેલ્લું સીમાંકન 1994-95માં કરવામાં આવ્યું હતું. હાલમાં કાશ્મીરમાં 46 બેઠકો છે અને જમ્મુમાં 37 બેઠકો છે. આ બેઠક દરમિયાન જમ્મુ–કાશ્મીરના નેતાઓએ જમ્મુ–કાશ્મીરને સંપૂર્ણ રાજ્ય આપવાની માંગ કરી હતી.
- **કેરળના મહિલા અને બાળ વિકાસ વિભાગે 'કેવલ પ્લસ પ્રોગ્રામ'ને પાંચ જિલ્લામાં વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે.**
  - → Kaval Plus Programme સંભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળા બાળકો અને જાતીય શોષણનો ભોગ બનેલા બાળકોને સાકલ્યવાદી સહાય પ્રદાન કરવાનો તે એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે.
  - → તે ઘરો અને બાળ સંભાળ સંસ્થાઓમાં બંને બાળકોને આવરી લે છે. આ કાર્યક્રમ ડિસેમ્બર, 2020 માં કેરળના બે જિલ્લાઓ, તિરુવનંતપુરમ અને પલક્કડમાં શરૂ કરાયો હતો.
- **તાજેતરમા કેન્દ્ર સરકાર, મિઝોરમ સરકાર અને વિશ્વ બેંકે $ 32 કરોડના લોન કરાર પર હસ્તાક્ષર કર્યા.**
  - → આ લોન કરાર પર મિઝોરમ હેલ્થ સિસ્ટમ્સ સ્ટ્રેન્થિંગ પ્રોજેકટ માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તે મિઝોરમમાં મેનેજમેન્ટ કાર્યક્ષમતા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારો કરશે.
  - → Mizoram Health Systems Strengthening Project આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના શાસન અને સંચાલન માળખાને મજબૂત બનાવશે. તે રાજ્ય સરકારની આરોગ્ય પ્રણાલી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની ગુણવત્તા અને કવરેજમાં પણ સુધારો કરશે. આ પ્રોજેકટ વ્યાપક ગુણવત્તા ખાતરી કાર્યક્રમ માટે પણ રોકાણ કરશે, જે આરોગ્ય સંભાળ સુવિધાઓના ગુણવત્તાયુકત પ્રમાણપત્રને સક્ષમ બનાવશે.
  - → તેનો મુખ્ય ઉદ્દેશ રાજ્ય આરોગ્ય વીમા કાર્યક્રમની અસરકારકતાને મજબૂત બનાવવી તેમજ હોસ્પિટલ સેવાઓ એકસેસ કરવા માટે નાણાકીય અવરોધો ઘટાડે છે.
- **તાજેતરમાં ગોવા એ ભારતનું પ્રથમ 'હડકવા મુકત' રાજ્ય બન્યું છે.**
  - → મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં હડકવાનો એક પણ કેસ નોંધાયો નથી.
- **તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ લખનૌમાં ડો. ભીમરાવ આંબેડકર કલ્ચરલ સેન્ટરનો શિલાન્યાસ કરશે.**
  - → આ કેન્દ્ર રાજ્યના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા વિકસિત કરવામાં આવી રહ્યું છે.
- **તાજેતરમાં 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી'ની તકનીકી સમિતિએ રાજસ્થાનમાં 'રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય' ને વાઘ અભ્યારણ્ય બનાવવાની મંજૂરી આપી છે.**
  - → આ સાથે 'રામગઢ વિશધારી વન્યજીવ અભ્યારણ્ય' રાજસ્થાનનું ચોથુ વાઘ અભ્યારણ્ય બનશે. અને તે ભારતનું 52મું વાઘ અભ્યારણ્ય બન્યું.
- **તાજેતરમાં આસામના મુખ્યમંત્રી શ્રી હિંમત બિસ્વા સરમાએ કોકરાઝાર જિલ્લામાં રાયમોના (Raimona) રિઝર્વ ફોરેસ્ટને આસામના છઠ્ઠા રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે ઘોષિત કર્યું છે.**
  - → આ જંગલ (ફોરેસ્ટ) બોડોલેન્ડ પ્રાદેશિક ક્ષેત્ર (Bodoland Territorial Region – BTR) હેઠળ આવે છે.
  - → ત્યારબાદ આસામ રાજ્ય સરકારે 'દેહિંગ પટકાઈ'ને આસામનું 7મું રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કર્યું. આ વિસ્તાર હાથીઓનું મુખ્ય નિવાસ છે.
  - → આસામમાં આવેલ અન્ય રાષ્ટ્રીય ઉદ્યાનો : રાજીવ ગાંધી ઓરંગ રાષ્ટ્રીય ઉદ્યાન, કાઝી રંગા રાષ્ટ્રીય ઉદ્યાન, માનસ રાષ્ટ્રીય ઉદ્યાન, દિબ્રુ–સિખનોવા રાષ્ટ્રીય ઉદ્યાન અને નામેરી રાષ્ટ્રીય ઉદ્યાન.

## ગુજરાત

- **તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્યની સાત ખાનગી યુનિવર્સિટીઓને 'સેન્ટર ઓફ એકસેલન્સ' (શ્રેષ્ઠતા કેન્દ્ર) (COE)નો દરજ્જો આપવામાં આવશે.**
  - → COEમાં પસંદગી પામેલ 7 યુનિવર્સિટીઓમાં CEPT યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, પંડિત દિનદયાળ યુનિવર્સિટી, ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી, અમદાવાદ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી અને ચરોતર યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.
  - → સેન્ટર ઓફ એકસેલન્સ પસંદગી પામેલ યુનિવર્સિટીઓને ગુણવત્તાયુકત શિક્ષણ લાવવામાં અને તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતી આપવામાં મદદ કરશે.
- **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાતની આગવી પહેલ રૂપ 'સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેન્ટ ચેન્જ' લોન્ચ કરીને ગુજરાતને આ ક્ષેત્રે અગ્રીમ રાજ્યનું ગૌરવ અપાવ્યું છે.**
  - → મુખ્યમંત્રી એ રાજ્યના કલાયમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા IIM અમદાવાદ અને IIT ગાંધીનગરના તજજ્ઞોના સહયોગથી તૈયાર કરવામાં આવેલા સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેન્ટ ચેન્જ અને કોવિડ–19ની રાજ્યના વિવિધ ક્ષેત્રો પર પડેલી અસરો અંગેના અહેવાલનું વિમોચન ગાંધીનગરમાં સંપન્ન કર્યું હતું.
- 

Banking Academy

❖ **તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં આવેલ હોટલ, રીસોટર્સ, રેસ્ટોરન્ટ્સ અને વોટરપાર્કને પ્રોપર્ટી ટેકસમાંથી મુકિત આપવામાં આવી છે.**

→ આ ઉપરાંત હોટલ, રીસોટર્સ, રેસ્ટોરન્ટસ અને વોટરપાર્કને વીજબીલમાં ફિકસચાર્જમાંથી મુકિત આપવામાં આવી અને ખરેખર વીજ વપરાશ થયો હોય તેના પર જ વીજ બીલ ચાર્જ વસૂલ કરવામાં આવશે.

❖ **વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા ગુજરાત, દાદરા નગર હવેલી, દમણ અને દીવ NCC નિર્દેશાલયને 'પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર' આપવામાં આવ્યું.**

→ ગુજરાત, દમણ અને દીવ, દાદરા નગર હવેલી NCC નિર્દેશાલય દ્વારા હાથ ધરવામાં આવેલા #EKMAISaukeliye અભિયાનને હવે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા બિરદાવવામાં આવ્યું છે. 7 જૂન 2021ના રોજ ગુજરાત NCC નિર્દેશાલયને પ્રાપ્ત થયેલા ઈમેલમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા ' પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર' આપવામાં આવ્યું છે. આ અભિયાનનો પ્રારંભ મે 2021 માં કરવામાં આવ્યો છે. જેનો તબક્કો–3 હાલમાં ચાલી રહ્યો છે. આ અભિયાન અંતર્ગત રાષ્ટ્ર નિર્માણને ધ્યાનમાં રાખીને સમગ્ર ગુજરાતમાં સામાજિક સેવા અને સામુદાયિક વિકાસની અર્થપૂર્ણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે.

❖ **તાજેતરમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બાંધકામ શ્રમિકોની ઓનલાઈન નોંધણી માટેના 'ઈ–નિર્માણ પોર્ટલ' અને 'મોબાઈલ એપ'નું લોન્ચિંગ કર્યું હતું.**

→ આ સાથે જ શ્રમિકોની ઓનલાઈન નોંધણીની પહેલ કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું. આ સાથે 10 લાખ આવા શ્રમિકોને યુ.વીન સ્માર્ટ કાર્ડમાં આવરી લઈ આધાર લિન્કેડ સ્માર્ટ કાર્ડથી શ્રમિક કલ્યાણ યોજનઓના લાભ અપાશે.

→ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બાંધકામ ક્ષેત્ર અને અસંગઠિત ક્ષેત્રોના શ્રમિકોને 'લાલ ચોપડી' માંથી મુકિત અપાવી કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓનો લાભ એક જ સ્માર્ટકાર્ડથી આપવામાં આવશે.

→ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલિપ ઠાકરના જણાવ્યા અનુસાર રાજ્યમાં કુલ શ્રમયોગીઓ પૈકી અસંગઠિત શ્રમયોગીની સંખ્યા અંદાજિત 82 ટકા છે. આથી, તમામ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી ઝડપથી થાય તે માટે ઈ–નિર્માણ પોર્ટલ તેમજ મોબાઈલ એપ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. જેથી તેમને યોજનાનો લાભ આપી શકાય.

→ અસંગઠિત શ્રમયોગીઓ પૈકી બાંધકામ શ્રમિકો માટે 'ગુજરાત, મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ' દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનામાં અપાતી સહાય અંગે 'પ્રસુતિ સહાય યોજના' અંતર્ગત બાંધકામ શ્રમિકની પત્નીને અગાઉ રૂ.5,000 સહાય તેમજ રૂ.2000ની રકમ આપવામાં આવતી હતી જેમાં હવે આ સહાયમાં રૂ. 20,000 વધારાની મંજૂરીથી હવે કુલ રૂ. 27,500 આપવામાં આવશે.

❖ **તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિર્મિત ઓકિસજન પ્લાન્ટનું ગાંધીનગરથી વર્ચ્યુઅલ લોકાપર્ણ કર્યું છે.**

→ કોરોનાની ત્રીજી સંભવિત લહેરને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આવનારા સમયમાં 1800 મેટ્રીક ટન ઓકિસજનની વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય કર્યો છે. નોંધનીય છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ઓકિસજન પ્લાન્ટ નિર્માણ કરનારી રાજ્યની પ્રથમ ગ્રાન્ટેડ યુનિવર્સિટી બની છે.

❖ **રાજ્યમાં કાર્ગો પરિવહનના મહત્વપૂર્ણ નવલખી બંદર ખાતે 485 મીટર લંબાઈની નવી જેટી નિર્માણ પામશે.**

→ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ આ નવી જેટીના નિર્માણ માટે કરવામાં આવેલી 192 કરોડ રૂપિયાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. નવલખી મોરબી જિલ્લામાં આવેલુ અને મીઠા, કોલસા તથા સિરામિક, મશીનરી ઉદ્યોગોના માલસામાન પરિવહન માટેનું અગત્યનું બંદર છે.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ 'કૃષિ વિવિધીકરણ યોજના – 2021'ની શરૂઆત કરી, જેનાથી વનબંધુ–આદિજાતિ વિસ્તારોના ખેડૂતોને લાભ થશે.**

→ આ યોજનાનો ઉદ્દેશ આદિવાસી વિસ્તારોમાં કૃષિને ટકાઉ અને નફાકારક બનાવવાનો પ્રયાસ કરે છે.

→ આ યોજના રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓના 26 લાખ ખેડૂતોને યોજનાનો લાભ મળશે.

→ આ યોજના અંતર્ગત આદિવાસી ખેડૂતોને ખાતર બિયારણ સહાય રૂપે રૂ. 31 કરોડની સહાય આપવામાં આવશે.

→ આ ખેડૂતોને આશરે 45 કિલો યુરિયા, 50 કિલો એનપીકે અને 50 કિલો એમોનિયમ સલ્ફેટ આપવામાં આવશે.

→ આ યોજના અંતર્ગત મકાઈ, બાજરા, ટામેટા, કારેલા, દૂધી વગેરે પાકનાં બિયારણ ઉપલબ્ધ કરાવાશે.

→ રાજ્ય સરકારે આદિવાસી જિલ્લાઓના પર્વતીય વિસ્તારોમાં અનેક લિફ્ટ સિંચાઈ યોજનાઓ દ્વારા સિંચાઈનું પાણી પૂરું પાડવાની કામગીરી પણ હાથ ધરી છે. આ યોજનાઓથી આદિવાસી ખેડૂતો જાતે ખેતી કરી શકશે.

❖ **તાજેતરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આગામી 4 વર્ષ માટે 'ગુજરાત ઈલેકટ્રીક વ્હીકલ પોલિસી – 2021'ની જાહેરાત કરી છે.**

→ જેનું લક્ષ્ય રાજ્યમાં બે લાખ ઈલેકટ્રીક વાહનો દોડતા કરવાનું છે. રાજ્ય સરકાર ઈલેકટ્રીક વાહનોની ખરીદી માટે વાહનના કિલોવોટ દિઠ 10 હજાર રૂપિયાની સબસિડી આપશે, જેના પરિણામે ચાર વર્ષમાં રાજ્ય સરકાર 870 કરોડ રૂપિયાનો બોજ વહન કરશે.

→ ઈલેકટ્રીક ટુ વ્હીલર ખરીદનાર વ્યકિતને 20 હજાર રૂપિયા સુધીની સબસિડીનું પ્રોત્સાહન મળશે તે જ રીતે થ્રી વ્હીલર માટે 50 હજાર સુધી અને ફોર વ્હીલર માટે 1 લાખ 50 હજાર રૂપિયાનું પ્રોત્સાહન અપાશે.

→ આ સબસિડીનો લાભ 1.50 લાખ સુધીની કિંમતના ટુ વ્હીલર, 5 લાખ સુધીની કિંમતના થ્રી વ્હીલર અને 15 લાખ સુધીની કિંમતના થ્રી વ્હીલર અને 15 લાખ સુધીની કિંમતના ફોર વ્હીલરને મળવાપાત્ર થશે.

→ ઈ–વાહનોની બેટરીના ચાર્જીંગ માટે રાજ્યમાં હાલના 278 ઉપરાંત નવા 250 ચાર્જીંગ સ્ટેશન સાથે કુલ 528 ચાર્જીંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરાશે તથા હયાત પેટ્રોલ પંપને પણ ચાર્જીંગ સ્ટેશન માટે મંજૂરી અપાશે.

→ હાઉસીંગ અને કોમર્શીયલ બાંધકામોમાં ચાર્જીંગ વ્યવસ્થા ઊભી કરાશે. ગુજરાતના આરટીઓ દ્વારા પાસ થયેલા ઈ–વ્હીકલને નોંધણી ફીમાંથી 100 ટકા મુકિત આપવાની પણ તેમણે જાહેરાત કરી હતી.

❖ **તાજેતરમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાનનો ચોથા તબક્કાનો પાટણના ચાણસ્મા તાલુકાના વડાવળી ગામેથી પ્રારંભ કરાવ્યો.**

→ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ જળ સંચય માટેનો છે.

❖ **તાજેતરમાં ગુજરાત રાજય સરકારે 'ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ અને લોજીસ્ટીકસ પાર્કસ નીતી 2021'ને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.**

→ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને GIDB ની 38મી બોર્ડ બેઠકમાં આ નીતીને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. નવી નીતીમાં ઔદ્યોગિક ક્ષેત્રે સ્પર્ધાત્મકતા વધારવા સાથે યુવાઓને મોટા પાયે અવસર પુરા પાડવાની વાતને કેન્દ્રને રાખવામાં આવી છે. તેમજ લોજીસ્ટીકસ પાર્કસ, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, જેટી, બંદરો જેવી માળખાકીય સુવિધાઓને જરૂરી આધાર આપવાની નેમ રખાઈ છે.

→ ગુજરાતની આ નીતી રાષ્ટ્રીય લોજીસ્ટીકસ નીતીને સુસંગત બનાવવામાં આવી છે. તથા ઉદ્યોગો માટે વિશેષ પ્રોત્સાહનો અને ખાસ જોગવાઈઓ સૂચવવામાં આવી છે.

→ રાજ્યના લોજિસ્ટીકસ નેટવર્કને વધુ અસરકારક બનાવી ખાનગી ક્ષેત્રની સહભાગીતાને પ્રોત્સાહન આપવાની જોગવાઈ નવી નીતીમાં ઉલ્લેખ કર્યો છે.

❖ **તાજેતરમાં જિલ્લા સેવા સદન વ્યારા ખાતે 'ડે કેર પંચકર્મ સેન્ટર'નો શુભારંભ કરાયો.**

→ નિયામક શ્રી આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા જિલ્લા સેવા સદનમાં આયુર્વેદ ડે કેર પંચકર્મ સેન્ટરનો શુભારંભ કરાયો. દક્ષિણ ગુજરાતમાં સૌપ્રથમવાર શરૂ થયેલ આ સેન્ટરમાં હોસ્પિટલમાં દાખલ થયા વિના વિવિધ શારીરિક અને માનસિક રોગોની સંપૂર્ણ આયુર્વેદ ચિકિત્સાનો લાભ મળી શકશે.

❖ **તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી અમદાવાદ શહેરમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે ઝેન ગાર્ડન અને કાઈઝન એકેડમીનું ઉદ્‌ઘાટન કર્યું.**

→ આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે ભારત અને જાપાન દાયકાઓથી લગભગ એકસરખો સાંસ્કૃતિક વારસો ધરાવે છે. પરંપરાગત મૂલ્યોની જાળવણી સાથે સાથે સોનેરી ભવિષ્ય માટે પણ એક સરખો અભિગમ ધરાવે છે. બંને દેશો એકબીજા સાથે વ્યૂહાત્મક ભાગીદારી તેમજ વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવાની દિશામાં પ્રયાસો કરી રહ્યા છે.

→ આ માટે પ્રધાનમંત્રી કાર્યાલયમાં જાપાન પ્લસ તરીકે વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. બંને દેશો બાહ્ય પ્રગતિની સાથે સાથે આંતરિક શાંતિ અને વિકાસ માટે પણ પ્રતિબદ્ધ છે.

→ જાપાનમાં જે ઝેન છે તે ભારતમાં ધ્યાન તરીકે ઓળખાય છે. AMA ખાતે સ્થાપવામાં આવેલા ઝેન કાઈઝનમાં જાપાનની કળા, સંસ્કૃતિ, ભૂગોળ અને સ્થાપત્ય કળા નિહાળી શકાશે.

→ AMA ખાતેના જાપાન માહિતી અને અધ્યયન કેન્દ્ર અને ગુજરાત રાજ્ય ઈન્ડો–જાપાન ફ્રેન્ડશીપ એસોસિએશનના સંયુકત ઉપક્રમે આ પ્રોજેકટ હાથ ધરાયો છે.

❖ **તાજેતરમાં કચ્છમાં પવનચક્કીનાં વાયર અંડરગ્રાઉન્ડ નાંખવાના પ્રોજેકટની અબડાસાથી શરૂઆત કરવામાં આવી.**

→ લુપ્ત થઈ રહેલા ઘોરાડ પક્ષીનું જતન કરવા માટે આ પગલું સર્વોચ્ચ અદાલતના આદેશ હેઠળ ભરવામાં આવ્યું છે.

❖ **કચ્છનું કલ્પવૃક્ષ ગણાતી કચ્છી ખારેક વ્યાપારીક ધોરણે થતી ખેતીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવે છે.**

❖ **તાજેતરમાં ગુજરાતના 'ગિફ્ટ સિટી'માં 'ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી' અને 'ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી' (IFSCA) વચ્ચે સમજૂતી પત્ર (MOU) હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.**

→ આ MOU નો મુખ્ય ઉદ્દેશ સંયુકત રીતે 'ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થી કેન્દ્ર' (GIMAC)ની સ્થાપનાને સમર્થન કરવાનો છે.

→ તે દરિયાઈ અને શિપિંગ ક્ષેત્રને લગતા વિવાદોમાં મધ્યસ્થી (લવાદી) કાર્યવાહી સંભાળનાર દેશમાં આ પ્રકારનું પહેલું કેન્દ્ર હશે.

→ મધ્યસ્થતા કેન્દ્ર ગાંધીનગર સ્થિત 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ' દ્વારા ગિફટ સિટી ખાતે સ્થાપવામાં આવેલા દરિયાઈ કલસ્ટરનો એક ભાગ હશે.

→ તેનો મુખ્ય ઉદ્દેશ દરિયાઈ અને શિપિંગ વિવાદો પર કેન્દ્રિત વૈશ્વિક કક્ષાના કેન્દ્રની સ્થાપના કરવાનો છે, જે ભારતમાં કાર્યરત કંપનીઓ વચ્ચે વ્યાપારી અને નાણાકીય તકરારને દૂર કરવામાં મદદ કરશે.

→ આ મધ્યસ્થા કેન્દ્રની સ્થાપનાના કારણે વિવાદોનું ઝડપી નિરાકરણ અને કોર્ટના કામના ભારણમાં ઘટાડો થશે.

→ ભારતમાં અત્યાર સુધીના દરિયાઈ અને શિપિંગ વિવાદોને લગતા લવાદ કેસોની સુનાવણી 'સિંગાપોર મધ્યસ્થા કેન્દ્ર'માં કરવામાં આવતી હતી. વૈશ્વિક સ્તરે લંડનને દરિયાઈ અને શિપિંગ ક્ષેત્ર માટે મધ્યસ્થતાનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર માનવામાં આવે છે.

❖ **તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વલસાડના જિલ્લાના નારગોલને ગ્રીનફિલ્ડ પોર્ટ તરીકે વિકસાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.**

→ આ પોર્ટને પીપીપી મોડલ પર BOOT (બિલ્ડ, ઓન, ઓપરેટ, ટ્રાન્સફર) ધોરણે વિકસાવાશે, જે માટે ગ્લોબલ બિડીંગ પ્રોસેસ દ્વારા પારદર્શી અને ફ્લેકસીબલ પ્રક્રિયાથી પોર્ટ ડેવલપરની પસંદગી કરવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય

❖ **તાજેતરમાં માલદીવના વિદેશી મંત્રી શ્રી અબ્દુલા શાહિત સંયુકત રાષ્ટ્ર મહાસભા (UN General Assembly) ના 76માં સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.**

→ સંયુકત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષની ચૂંટણી દર વર્ષે વિવિધ પ્રાદેશિક જૂથોમાં પરિભ્રમણ આધારે કરવામાં આવે છે. નિયમો અનુસાર 76મી મહાસભાના અધ્યક્ષની પસંદગી એશિયા–પેસિફિક દેશોના જૂથમાંથી થવાની હતી.

❖ **તાજેતરમાં QS World University Ranking – 2022 અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ 1000 શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

→ આ યાદીમાં વિશ્વની શ્રેષ્ઠ 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની કુલ 22 સંસ્થાઓનો સમાવેશ થયો છે. જેમાંથી આ રેન્કિંગમાં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં IIT બોમ્બે સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમે છે. જે આ રેન્કિંગ IIT બોમ્બે 172માં ક્રમે છે. IIT બોમ્બે બાદ IIT દિલ્હી 185માં ક્રમે છે. જ્યારે Indian Institute of Science, બેંગલુરુ 186માં ક્રમે છે.

→ આ રેન્કિંગમાં અમેરિકાની Massachusetts Institute of Technology (MIT) પ્રથમ ક્રમે છે. અમેરિકાની MIT બાદ ઓકસફોર્ડ યુનિવર્સિટી (બ્રિટન) પ્રથમ વખત બીજા સ્થાને આવી ગઈ છે.

→ નોંધનીય છે કે 2021ના આ રેન્કિંગમાં ટોચની 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની 21 યુનિવર્સિટીનો સમાવેશ થયો છે. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીએ પ્રથમ વખત ટોચની 1000 સંસ્થાઓમાં પ્રવેશ કર્યો છે.

❖ **ભારત અને થાઈલેન્ડ બંને દેશો વચ્ચે સમુદ્રી સંબંધોને મજબૂત બનાવવા અને હિન્દ મહાસાગરને આંતરરાષ્ટ્રીય વેપાર માટે સુરક્ષિત રાખવાના હેતુથી CORPAT (Indo-Thai CORPAT) કવાયતની 31મી આવૃત્તિ શરૂ કરી છે.**

→ CORPAT દ્વિવાર્ષિક કવાયત છે જેમાં ભારતીય નૌકાદળના સ્વદેશી રીતે બનાવેલા અપતટીય પેટ્રોલ વેસેલ સરયુ અને થાઈલેન્ડ તરફથી જતોક ક્રાબીએ ભાગ લીધો હતો.

❖ **તાજેતરમાં ઈન્ટેલિજન્સ યુનિટ (EIU) એ વિશ્વના શ્રેષ્ઠ વસવાટ માટેના શહેરો (World's Most Liveable Citites) ના વાર્ષિક સર્વેક્ષણ 2021 બહાર પાડવામાં આવ્યો.**

→ જે અનુસાર COVID-19 મહામારીને કારણે વસવાટ માટેના શ્રેષ્ઠ શહેરોની રેન્કિંગમાં ઘણી અસર થઈ છે.

→ રિપોર્ટ અનુસાર યુરોપના દેશોની તુલનામાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને ન્યૂઝીલેન્ડના શહેરો આગળ નીકળી ગયા છે. EIUના રિપોર્ટ અનુસાર ન્યૂઝીલેન્ડનું ઓકલેન્ડ શહેર વિશ્વમાં રહેવા માટે સૌથી વધુ પસંદ થતુ ટોચનું શહેર બની ગયું છે. ત્યારબાદ બીજા ક્રમે જાપાનનું ઓસાકા અને ત્રીજા ક્રમે ઓસ્ટ્રેલિયાનું એડિલેડ શહેરનો સમાવેશ થાય છે. જ્યારે સૌથી ખરાબ શહેર સીરીયાનું દમાકસ શહેર છે.

→ વર્ષ 2018 થી 2020 દરમિયાન આ યાદીમાં ટોચના સ્થાને રહેલ વિયેના શહેર 12માં સ્થાને આવી ગયું છે.

❖ **તાજેતરમાં નાઈટ ફ્રેન્ક દ્વારા 'Global House Price Index' જાહેર કરવામાં આવ્યો છે.**

→ જે અનુસાર કોવિડ–19 મહામારીના કારણે ભારત વૈશ્વિક ઘરેલું મૂલ્ય સૂચકાંકમાં 12 સ્થાન નીચે આવ્યું છે. આ ઉપરાંત ભારતમાં સંપત્તિના ભાવોમાં ઘટાડો થયો છે.

→ વર્ષ 2021ના આ ઈન્ડેકસમાં ભારત 55માં ક્રમે છે. જ્યારે 2020માં 43માં ક્રમે હતું. 'વર્ષ–દર–વર્ષ'ના આધારે ભારતમાં ઘરના ભાવમાં 6% ઘટાડો થયો છે. અમેરિકામાં વર્ષ 2005 પછીનો સૌથી વધુ વાર્ષિક ભાવ વૃદ્ધિદર જોવા મળ્યો છે. તુર્કી 32% ભાવો સાથે વાર્ષિક રેન્કિંગમાં ટોચ પર છે. 2021ના આ પ્રથમ કવાર્ટરમાં સ્પેન સૌથી નબળું પ્રદર્શન કરનાર ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે.

❖ **તાજેતરમાં ભારતને સંયુકત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ (United Nationals Economic and Social Council – ECOSOC) માં 2022-24ના સમયગાળા માટે ચૂંટવામાં આવ્યો છે.**

→ ભારતની પસંદગી અફઘાનિસ્તાન, કઝાકિસ્તાન અને ઓમાનની સાથે એશિયા–પ્રશાત કેટેગરીમાંથી કરવામાં આવી હતી.

→ મુખ્ય મથક – ન્યૂયોર્ક, અમેરિકા

❖ **રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિને તાજેતરમાં 'ઓપન સ્કાઈઝ સંધિ' (Open Skies Treaty) થી અલગ થવાના કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા.**

→ ઓપન સ્કાઈઝ સંધિ એ આંતરરાષ્ટ્રીય સંધિ છે. જે રાષ્ટ્રોને પારદર્શિતા વધારવા માટે એક બીજાના સૈન્યદળો વિશે માહિતી એકત્રિત કરવાની મંજૂરી આપે છે. રશિયા પર તેનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા બાદ નવેમ્બર 2020માં અમેરિકા આ સંધિમાંથી ખસી ગયું હતું.

❖ **ગ્લોબલ સાયબર સિકયુરિટી ફર્મ, સોફોસે (Sophos) 'સ્ટેટ ઓફ રેન્સમવેર' (State of Ransomware) 2021 રિપોર્ટ પ્રકાશિત કર્યો હતો.**

→ આ અહેવાલ મુજબ, છેલ્લા 12 મહિનામાં 68% ભારતીય સંસ્થાઓને રેન્સમવેરથી અસર થઈ હતી. રેન્સમવેર હુમલાની દ્રષ્ટિએ ભારત સૌથી અસરગ્રસ્ત દેશોમાંનો એક છે. જે ટોચના 30 દેશોની યાદીમાં ભારત ટોચ પર છે.

→ છેલ્લા 12 મહિનામાં, 68 ટકા ભારતીય સંગઠનોને રેન્સમવેરથી ફટકો પડયો. જો કે, આ સંખ્યા 2020 ના અહેવાલમાં નોંધાયેલા 82 ટકા કરતા ઓછી છે.

→ 72 ટકા ભારતીય સંગઠનો માનવામાં આવતા ડેટાને સૌથી નોંધપાત્ર રેન્સમવેર હુમલામાં એન્ક્રિપ્ટ કરવામાં આવ્યા હતા. જોકે, હુમલામાં ઘટાડો થયો છે. કેટલાક સ્થળોએ હુમલાખોરના વર્તનમાં બદલાવ આવ્યો છે.

→ રેન્સમવેરના હુમલામાં નોંધપાત્ર નાણાકીય અસર પડે છે. ભારતમાં, એક વર્ષમાં પુનઃપ્રાપ્તિ ખર્ચ ત્રણ ગણો થયો છે, જે 2020માં 1.1 મિલિયન ડોલરથી 2021 માં 3.38 મિલિયન ડોલર થઈ ગયો છે.

❖ **તાજેતરમાં ઈઝરાયલના નવા વડાપ્રધાન તરીકે નફતાલી બોનેટે શપથ લીધા છે.**

→ તેઓ 'યામિના પાર્ટી'ના નેતા છે. તેઓ ઈઝરાયલના 13માં વડાપ્રધાન તરીકે શપથ લીધા છે અને બેન્ઝામિન નેતન્યા હુના અનુગામી બન્યા છે.

❖ **તાજેતરમાં 11 થી 13 જૂન 2021 દરમિયાન બ્રિટનના કોર્નવોલ ખાતે G7 સમિટ 2021નું આયોજન થયું હતું. જે તેનું 47મું વાર્ષિક સંમેલન હતું.**

→ આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'બિલ્ડિંગ બેક ટુગેધર–ઓપન સોસાયટીઝ અને ઈકોનોમિઝ' તથા 'બિલ્ડિંગ બેક ગ્રીનર : આબોહવા અને કુદરત' એમ બે ચર્ચા સત્રમાં ભાગ લીધો હતો.

→ ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકાને પણ 'અતિથિ દેશો' તરીકે સમિટની કાર્યવાહીમાં ભાગ લેવા આમંત્રણ અપાયું હતું.

→ આરોગ્ય , આબોહવા, પરિવર્તન, આર્થિક સુધારણા સામેના વૈશ્વિક પડકારો, લોકશાહી, વૈશ્વિક એકતા વગેરેની ચર્ચા કરવામાં આવી હતી.

→ G-7 :

⇒ G7 એ આંતરરાષ્ટ્રીય ઈન્ટરગવર્નમેન્ટલ ઈકોનોમિક ઓર્ગેનાઈઝેશન છે.

⇒ G7 દેશોમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

⇒ વર્ષ 1975માં ફ્રાન્સ ખાતે પ્રથમ સમિટ યોજાઈ હતી. હવે પછી વર્ષ 2022માં 48 મી G7 સમિટ જર્મનીમાં યોજાશે.

❖ **તાજેતરમાં Charities Aid Foundation (CAF) દ્વારા 'World Giving Index – 2021' રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.**

→ આ રિપોર્ટ અનુસાર ભારત વિશ્વનો 14 મો સૌથી વધુ 'દાન' આપનાર દેશ છે. આ રિપોર્ટ મુજબ ભારત વિશ્વના ટોચના 20 સૌથી ઉદાર દેશમાં સામેલ છે. આ રિપોર્ટ મુજબ સૌથી વધુ દાન કરનાર દેશોમાં પ્રથમ ઈન્ડોનેશિયા બીજા નંબરે કેન્યા અને ત્રીજા નંબરે નાઈજીરીયાનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ SIPRI Year Book 2021 અનુસાર વર્ષ 2021માં વિશ્વના 9 દેશો પરમાણુ શસ્ત્ર ધરાવે છે.**

→ પરમાણુ શસ્ત્ર ધરાવતા વિશ્વના આ 9 દેશોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયલ અને ઉત્તર કોરિયાનો સમાવેશ થાય છે. આ 9 દેશોમાંથી વર્ષ 2021માં રશિયા પાસે સૌથી વધુ, બીજા ક્રમે અમેરિકા જ્યારે ત્રીજા ક્રમે ચીન રહ્યું. ભારત પાસે વર્ષ 2021માં 156 પરમાણુ શસ્ત્રો છે. જે સાતમા ક્રમે છે.

→ આ રિપોર્ટ અનુસાર વર્ષ 2020ની તુલનાએ વર્ષ 2021માં વિશ્વમાં કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. જે 13,400 થી ઘટીને 13,080 થઈ ગયા છે.

→ વર્ષ 2020ની તુલનાએ વર્ષ 2021માં અમેરિકા અને રશિયાના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. વર્ષ 2020ની તુલનાએ વર્ષ 2021માં ચીન, બ્રિટન, પાકિસ્તાન, ભારત અને ઉત્તર કોરિયાના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં વધારો થયો છે.

→ આ રિપોર્ટ અનુસાર માત્ર અમેરિકા અને રશિયા પાસે જ વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોમાંથી 90 ટકાથી વધુ પરમાણુ શસ્ત્રો છે. આ રિપોર્ટ અનુસાર ભારત કરતા ચીન અને પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા વધારે છે.

❖ **તાજેતરમાં ભારતે સૌર ઊર્જા ક્ષેત્રના પ્રોજેકટના માટે શ્રીલંકાને 100 મિલિયન યુ.એસ. ડોલરની 'લાઈન ઓફ ક્રેડિટ' (LOC) આપવાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ કરાર શ્રીલંકા સરકાર અને ભારતની નિકાસ – આયાત બેંક વચ્ચે કરવામાં આવ્યા છે.

→ આ LOC (લાઈન ઓફ ક્રેડિટ)ની જાહેરાત વર્ષ 2018માં આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સની સ્થાપના દરમિયાન કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD) દ્વારા 'વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક' (World Competitiveness Index) નું સંકલન કરવામાં આવ્યું છે. જે વિશ્વભરના અર્થતંત્ર પર COVID-19 ના પ્રભાવની તપાસ કરે છે.**

→ આ સૂચકાંકમાં ભારત 64 દેશોમાંથી 43માં ક્રમે છે. આ સૂચકાંકમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે, બીજા ક્રમે સ્વીડન અને ત્રીજા ક્રમે ડેનમાર્ક રહ્યું.

→ મુખ્ય માપદંડો : (1) આર્થિક પ્રભાવ, (2) સરકારી કાર્યક્ષમતા, (3) વ્યવસાયિક કાર્યક્ષમતા અને (4) મૂળભૂત માળખાકીય સુવિધા

❖ **તાજેતરમાં અમેરિકન ડેટા ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે હાથ ધરેલા સર્વે અનુસાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 66 ટકા લોકપ્રિયતા ધરાવી પોતાના દેશમાં સૌથી વધુ લોકપ્રિયતા ધરાવતા નેતા બન્યા છે.**

→ નોંધનીય છે કે વર્ષ 2019માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતા 82 ટકા હતી.

→ કયા દેશમાં કોની લોકપ્રિયતા વધુ ?

| ક્રમ | નેતાનું નામ | કેટલા ટકા લોકપ્રિયતા | દેશ |
|---|---|---|---|
| 1 | શ્રી નરેન્દ્રભાઈ મોદી | 66% | ભારત |
| 2 | શ્રી મોરિયો ડ્રાઘી | 65% | ઈટાલી |
| 3 | શ્રી લોપેજ ઓબ્રાડોર | 63% | મેક્સિકો |
| 4 | શ્રી સ્કોટ મોરિસન | 54% | ઓસ્ટ્રેલિયા |
| 5 | શ્રી બોરિસ જોન્સન | 44% | બ્રિટન |

❖ **દેબસ્વાના ડાયમંડ કંપનીએ બોત્સવાનાની જવાંનેગ ખાણ ખાતે વિશ્વનો ત્રીજો સૌથી મોટો હીરો શોધી કાઢયો છે.**

→ બોત્સવાના આફ્રિકાનો એક દેશ જેને હીરાનું સૌથી મોટું ઉત્પાદક હોવાનું કહેવાય છે.

❖ **તાજેતરમાં નાટોની 31મી ઔપચારિક બેઠક 14 જૂન, 2021ના રોજ બેલ્જિયમના બ્રુસલેસ ખાતે યોજાય હતી.**

→ નાટો 2030ના એજન્ડા અનુસાર નાટોને અનુકૂળ બનાવવાના નક્કર પગલાં પર સહમત થયા હતા. આ ઉપરાંત આબોહવા પરિવર્તન, સામૂહિક સંરક્ષણ, ઉભરતી તકનીકીઓ વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

- **તાજેતરમાં ભારતીય નૌકાદળ અને યુરોપિયન યુનિયન નેવલ ફોર્સ (EUNAVFOR) એડેનની અખાતમાં તેની પ્રથમ કવાયત હાથ ધરી.**
  - → આ બે દિવસીય કવાયત 19 જૂન, 2021ના રોજ યોજાઈ હતી. જેનું નામ IN-EUNAVFOR સંયુક્ત નૌકા કવાયત હતું.
  - → ભારતીય નૌકા શિપ 'ત્રિકંદ' આ કવાયતમાં ભાગ લીધો હતો. જ્યારે આ કવાયતમાં ભાગ લેનારા અન્ય યુદ્ધ જહાજોમાં ઈટાલિયન નેવી શિપ ITS Carabinere, બે ફ્રેન્ચ નેવી શિપ FS Tonnerre & FS Surcouf અને સ્પેનિશ નેવી શિપ ESPS Navarra નો સમાવેશ થાય છે.
  - → હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતીય નૌકાદળના ઈન્ફર્મેશન ફ્યુઝન સેન્ટર અને હોર્ન ઓફ આફ્રિકામાં મેરીટાઈમ સિક્યુરિટી સેન્ટર વચ્ચે વર્ચ્યુઅલ 'માહિતી શેરિંગ કવાયત' પણ હાથ ધરવામાં આવી રહી છે.
- **તાજેતરમાં United Nations Office for Disaster Risk Reduction (UNDRR) દ્વારા "Global Assessment Report on Disaster Risk Reduction : Special Report on Drougnt 2021" શીર્ષક આપતો અહેવાલ જાહેર કરવામાં આવ્યો.**
  - → આ અહેવાલ મુજબ દુષ્કાળ એ એક છુપાયેલ વૈશ્વિક કટોકટી છે જે પાણી અને ભૂમિ વ્યવસ્થાપન અને આબોહવાની કટોકટીને પહોંચી વળવા તાત્કાલિક કાર્યવાહી નહીં કરવામાં આવે તો તે 'આગામી રોગચાળો' બની શકે છે.
  - → આ સદીમાં દુષ્કાળથી લગભગ 5 અબજ લોકો સીધા અસરગ્રસ્ત થાય છે.
  - → આર્થિક ખર્ચ અંદાજે 124 અબજ ડોલર હોવાનો અંદાજ લગાવવામાં આવ્યો હતો. જોકે, વાસ્તવિક ખર્ચ ઘણી વધારે હોવાની સંભાવના છે કારણ કે આ અંદાજમાં વિકાસશીલ દેશોમાં ઘણી અસર શામેલ નથી.
  - → આગામી કેટલાક વર્ષોમાં વિશ્વનો મોટાભાગનો ભાગ પાણીની અછત હશે અને માંગ ચોક્કસ સમયગાળા દરમિયાન પાણી પુરવઠાને વટાવી જશે.
  - → અહેવાલ મુજબ વિકસિત દેશો પણ દુષ્કાળથી અછડતા નથી. યુ.એસ., ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ યુરોપમાં હાલના સમયમાં દુષ્કાળનો અનુભવ થયો છે. યુ.એસ.માં દર વર્ષે દુષ્કાળનો ખર્ચ 6 અબજ ડોલરથી વધુ થાય છે જ્યારે યુરોપિયન યુનિયનમાં 9 અબજ ડોલર છે.
  - → રિપોર્ટ મુજબ હવામાન પરિવર્તનને કારણે વરસાદની રીત બદલાવી એ દુષ્કાળનાં મુખ્ય પરિબળો છે. જો કે, આ અહેવાલમાં જળ સંસાધનોના અયોગ્ય ઉપયોગની ઓળખ, સઘન કૃષિ હેઠળ જમીનના અધોગતિ અને નબળી કૃષિ પદ્ધતિઓ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વનનાબૂદી, ખાતરો અને જંતુનાશક દવાઓનો અતિશય ઉપયોગ, ખેતી માટે પાણીનો અતિરેક અને અતિશય નિષ્કર્ષણ અન્ય કેટલાક પરિબળો છે.
- **કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર અને ફીજીના કૃષિ, જળમાર્ગ અને પર્યાવરણ મંત્રી ડો.મહેન્દ્ર રેડ્ડી વચ્ચે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં સહયોગ માટે સમજૂતી પત્ર (એમઓયુ) પર હસ્તાક્ષર થયા.**
- **સંયુક્ત રાષ્ટ્રએ 'Annual Report of Secretary-General on Children & Armed Conflict (CAAC)' પ્રકાશિત કર્યો.**
  - → આ અહેવાલ મુજબ, 2020માં છોકરાઓ અને છોકરીઓ સહિત લગભગ 19,300 બાળકો ગંભીર ભંગ (grave violations) ની એક અથવા વધુ ઘટનાઓનો ભોગ બન્યા છે.
  - → આ અહેવાલ મુજબ, 2020 માં બાળકો સામે 26,425 ગંભીર ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાઓ અને હોસ્પિટલો પરના હુમલાનો સમાવેશ થાય છે.
  - → 2020માં, યુદ્ધથી અસરગ્રસ્ત આશરે 19,300 બાળકો ખૂન, અપંગતા અથવા બળાત્કાર જેવા ગંભીર ઉલ્લંઘનોનો (grave violations) ભોગ બન્યા હતા.
  - → આ અહેવાલ મુજબ, સૌથી વધુ ગંભીર ઉલ્લંઘન એ બાળકોની ભરતી અને ઉપયોગ, ખૂન અને અપંગ બાળકો હતા, ત્યારબાદ માનવતાવાદી પ્રવેશ અને અપહરણ જેવા ગંભીર ઉલ્લંઘન થયા હતા.
  - → અપહરણના ગુનાઓમાં 90% વધારો થયો છે, બળાત્કારની ઘટનાઓ અને જાતીય હિંસાના અન્ય પ્રકારોમાં 2020માં 70% નો વધારો થયો છે. પુખ્ત વયના યુદ્ધે 2020માં લાખો છોકરાઓ અને છોકરીઓનું બાળપણ છીનવી લીધું છે.
- **ભારત અને ભૂટાને 23 જૂન, 2021 ના રોજ સંયુક્ત રીતે "Tax Inspectors Without Borders (TIWB)" ની પહેલ શરૂ કરી છે.**
  - → TIWB એ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) અને આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (OECD) ની સંયુક્ત પહેલ છે. TIWB વિકાસશીલ દેશોને ઓડિટ ક્ષમતાના નિર્માણ દ્વારા રાષ્ટ્રીય કર વહીવટને મજબૂત બનાવવા માટે સહાય આપવા માંગે છે.
  - → તે ટેકસની બાબતોમાં સહકાર મજબૂત કરવા અને ઘરેલું ટેકસ એકત્રીકરણના પ્રયત્નોમાં ફાળો આપવા આંતરરાષ્ટ્રીય સમુદાય પ્રયત્નોને પૂર્ણ કરે છે.
  - → TIWB પ્રોગ્રામનો ઉદ્દેશ વિકાસશીલ દેશોમાં કરવેરા વહીવટને મજબૂત બનાવવાનો છે, તેમના ટેકસ ઓડિટર્સને તકનીકી જ્ઞાન – કેવી રીતે અને કુશળતા સ્થાનાંતરિત કરીને અને તેમની સાથે સામાન્ય ઓડિટ પ્રથાઓ અને જ્ઞાન ઉત્પાદનોના પ્રસારણની વહેંચણી કરવી.
- **તાજેતરમાં ડેનમાર્ક આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ ફ્રેમવર્ક એગ્રીમેન્ટ (ISA FA) અને ભારત સાથે સમર્થન પર હસ્તાક્ષર કર્યા છે.**
  - → 8 જાન્યુઆરી, 2021 ના રોજ ISA FA માં સુધારા અમલમાં આવ્યા પછી ડેનમાર્ક આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ ફ્રેમવર્ક એગ્રીમેન્ટ (ISA FA) ને મંજૂરી આપનાર પ્રથમ દેશ બન્યો છે.
- **જાપાન ભારતને કોવિડ–19 રસીને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવા માટે કોલ્ડ ચેઈન સુવિધાઓ બનાવવા માટે 10 કરોડ ડોલરની સહાય પૂરી પાડશે.**
  - → જાપાન ભારતને તબીબી સાધનો જેવી કોલ્ડ સ્ટોરેજ સુવિધાઓ સહિતના કોલ્ડ ચેઈન ઉપકરણો બનાવવા માટે આ સહાય કરશે.
  - → કોલ્ડ સ્ટોરેજ સુવિધાઓ 'લાસ્ટ વન માઈલ સપોર્ટ' તરીકે બનાવવામાં આવશે.
  - → આ સુવિધાઓ યુનિસેફ દ્વારા દરેક દેશમાં રસીકરણની ખાતરી કરશે.
  - → COVID-19 ને નિયંત્રિત કરવા માટે, જે દેશો સામનો કરી રહ્યા છે તે સામાન્ય પડકારોમાં રસીની સમાન એકસેસ સુનિશ્ચિત કરવી અને રસીકરણ ઝડપી કરવું તેનો સમાવેશ થાય છે. આ પડકારને પહોંચી વળવા જાપાને રસીઓની પ્રાપ્તિ માટે આંતરરાષ્ટ્રીય મિકેનિઝમ તરીકે કોવાકસ સુવિધાના નેતૃત્વનો આરંભ કર્યો છે.


Banking Academy

❖ **આંતરરાષ્ટ્રીય ઊર્જા મંચ (IEF) અનુસાર, ભારતને 2022 માં 9 મી એશિયન મંત્રી એનર્જી રાઉન્ડટેબલ (AMER 9) ને હોસ્ટ કરવા સંમતિ આપી છે.**

❖ **યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)ના રિપોર્ટ પ્રમાણે, આર્કટિકથી લઈને એમેઝોન સુધીના આબોહવા પરિવર્તન અને આર્થિક દબાણને કારણે સ્વદેશી સમુદાયોની પરંપરાગત ખોરાક એકત્ર કરવાની તકનીક જોખમમાં છે.**
- → FAO અનુસાર, વિવિધ સ્વદેશી લોકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ફૂડ સિસ્ટમ્સ કાર્યક્ષમતાની દ્રષ્ટિએ વિશ્વની સૌથી વધુ ટકાઉ છે.
- → રિપોર્ટમાં આવી અત્યાધુનિક ફૂડ સિસ્ટમ્સના વધતા જોખમો સામે ચેતવણી આપવામાં આવી છે.
- → હવામાન પરિવર્તન, મોટા માળખાગત પ્રોજેક્ટ્સ અને છૂટછાટોને લીધે ખાદ્ય પ્રણાલીને ઉચ્ચ જોખમ રહેલું છે જે ખાણકામ, વ્યાપારી કૃષિ અને કંપનીઓને સ્વદેશી લોકોના ક્ષેત્રમાં કાર્યરત કરવા દે છે.

❖ **તાજેતરમાં યુકેના ફાઈનાન્સિયલ રેગ્યુલેટર, ફાઈનાન્સિયલ કન્ડક્ટ ઓથોરિટી (FCA) એ વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ, Binance પર પ્રતિબંધ મૂકયો છે.**

❖ **તાજેતરમાં ગ્રીસે આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ (ISA) પરના કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને તે ISAમાં જોડાઈ ગયું છે.**

## અર્થવ્યવસ્થા

❖ **તાજેતરમાં GST (Goods and Services Tax) કાઉન્સિલની 43મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.**
- → નાણાકીય વર્ષ 2021-22માં GST કાઉન્સિલની આ પ્રથમ બેઠક હતી.
- → આ બેઠકમાં કોવિડ સંબધિત સાધનોમાં GSTમાંથી અને આવી અન્ય ઘણી વસ્તુઓની આયાતને GST માંથી છૂટ આપવાનો નિર્ણય લીધો છે.
- → GST માંથી છૂટ આપવાની તારીખને પણ 31 ઓગષ્ટ 2021 સુધી લંબાવવામાં આવી છે.
- → રાહત સામગ્રીની આયાત પર ત્યાં સુધી છૂટ આપવામાં આવશે જ્યાં સુધી રાજ્ય સરકારને દાનના સ્વરૂપમાં ન દેવામાં આવી હોય. બ્લેક ફંગસના વધતા કેસોને ધ્યાનમાં રાખીને તેમની એક જરૂરી દવા 'એમ્ફોટેરિસિન–બી' ને પણ GST માંથી છૂટની સૂચીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- → GST કાઉન્સિલ : આ કાઉન્સિલનો ઉલ્લેખ બંધારણના અનુચ્છેદ–279(A) માં છે. જેના અધ્યક્ષ હોદ્દાની રૂએ કેન્દ્રીય નાણાંમંત્રી હોય છે.

❖ **તાજેતરમાં SBIના આર્થિક સંશોધન વિભાગે 'ઈકોરાપ–2021' (Ecowrap – 2021) રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.**
- → આ રિપોર્ટ અનુસાર 2022ના નાણાકીય વર્ષ માટેનો વાસ્તવિક GDPના અનુમાનને 10.4% સુધારીને 7.9% કર્યો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ચાલું નાણાકીય વર્ષમાં આંતરરાષ્ટ્રીય ચીજવસ્તુઓના ભાવોની બોલી GDPના દષ્ટિકોણને અસર કરશે.
- → ચીજવસ્તુઓના ઉંચા ભાવની અસર ઘરેલું ભાવોમાં જોવા મળશે. જે વપરાશને અસર કરશે.

❖ **તાજેતરમાં આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) દ્વારા 'વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક રિપોર્ટ–2021' બહાર પાડવામાં આવ્યો હતો.**
- → કોરોના મહામારીના કારણે 100 મિલિયનથી વધુ કામદારોને વિશ્વભરમાં ગરીબીના એક વર્તુળમાં ધકેલી લીધા છે. આ રિપોર્ટ અનુસાર મહામારીના કારણે વર્ષના અંત સુધીમાં 75 મિલિયન નોકરીઓને નુકસાન થવાની સંભાવના છે.
- → મહામારીએ શ્રમ બજારમાં અસમાનતામાં વધારો કર્યો છે, જેમાં ઓછા કુશળ કામદારો, મહિલાઓ, યુવાનો અથવા સ્થળાંતર કરનારાઓ સૌથી વધુ અસરગ્રસ્ત છે.
- → ઘણા લોકોના કામકાજના કલાકોમાં નાટકીય રીતે કાપ મૂકવામાં આવ્યો છે. વર્ષ 2019ના ચોથા કવાર્ટરની તુલનામાં 2020માં વૈશ્વિક કાર્યકારી કલાકોમાં 8.8 ટકાનો ઘટાડો થયો છે. જો કે પરિસ્થિતિમાં સુધારો થયો છે, વૈશ્વિક કાર્યકાળના કલાકો વધવામાં લાંબો સમય લાગશે અને આ વર્ષના અંત સુધીમાં વિશ્વને 100 મિલિયન ફુલ–ટાઈમ નોકરીઓ ગુમાવવાની ધારણા છે.
- → વર્ષ 2020-21માં બેરોજગારીનો દર 6.3 ટકા છે. જે આવતા વર્ષે (2021-22) સુધીમાં ઘટીને 5.7 ટકા થઈ જશે. મહિલાઓને અવેતન કાર્યના કલાકોમાં વધારો થયો છે અને તેમને અપ્રમાણસર રોજગારીના નુકસાનનો સામનો કરવો પડે છે.મહિલાઓની રોજગારીમાં પુરુષો માટે 3.9 ટકાની તુલનામાં 5 ટકાનો ઘટાડો થયો છે.
- → આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનની રચના વર્ષ 1919માં વર્સેલ્સની સંધિના ભાગરૂપે કરવામાં આવી હતી.
- → મુખ્ય મથક : જિનીવા ( સ્વિત્ઝર્લેન્ડ), કુલ સભ્યો : 187

❖ **તાજેતરમાં વિશ્વ બેન્કે ભારતના MSME ક્ષેત્રને વેગ આપવા માટે 500 મિલિયન ડોલરના એક કાર્યક્રમને મંજૂરી આપી છે. આ કાર્યક્રમનો હેતુ 5,50,000 MSME ની કામગીરીમાં સુધારો લાવવાનો છે.**

❖ **તાજેતરમાં સુશ્રી નિર્મલા સિતારામનની અધ્યક્ષતામાં GST કાઉન્સિલની 44મી બેઠક યોજાઈ હતી.**
